## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સોરી સર... દર વખતની આદત છે એટલે ફ્રી ગરબાનાં પાસ માંગવા આવી ગયો...!

# સિવિલમાંથી સટ્ટો રમતો જવેલર્સ માલિક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

આઈપીએલની મેચ દરમિયાન દુકાન આગળ બેસી લાઈવ સટ્ટો રમતા યુવકને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો છે. સેકટર-૧૨ સિવિલ કેમ્પસ સ્થિત જયઅંબે જવેલર્સ માલિક રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર બેંગ્લોર મેચ પર બુક પ્રો એપ્લીકેશનની મદદથી સટ્ટો રમી રહ્યો હતો. આઈપીએલની મેચમાં સટ્ટો રમવા માટે યુવકને યુઝર અને આઈડી વિજાપુરના શખ્સે આપ્યું હોવાનું સામે આવ્યું છે. જયારે પોલીસે જવેલર્સના માલિક પાસેથી રૂ.૪ હજારનો મોબાઈલ ફોન અને રૂ.૯૫૦ રોકડા જપ્ત કરી સેકટર-૭ પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં હાલ ચાલી રહેલી આઈપીએલ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમી




મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા માઈક્રો શોપીંગ સેન્ટર ખાતે આવેલી જયઅંબે જવેલર્સ નામની દુકાન પાસે એક યુવક મળી આવ્યો હતો. આ યુવક રાજસ્થાન રોયલ અને રોયલ ચેલેન્જર બેંગ્લોર ટીમ વચ્ચે ચાલી રહેલી મેચ પર સટ્ટો રમતો હતો. પોલીસે આરોપીને પકડીને તેનું નામ પુછતા તેણે વાવોલ શાલ્વિક શુકન સોસાયટી ખાતે ફલેટ નં.એફ-૧૦૩ ખાતે રહેતો હેમંત રમણલાલ સોની હોવાનું સામે આવ્યું હતું. જયઅંબે જવેલર્સ નામની પોતાની દુકાન આગળ બેસીને ફોન પર તે મોબાઈલ પ્રો એપ્લીકેશન મારફતે ઓનલાઈન સટ્ટો રમી રહ્યો હતો. સટ્ટો રમવા માટે યુઝર આઈડી અને પાસવર્ડ તેને વિજાપુરના વિપુલ પટેલે આપ્યો હતો. જયારે યુવકના એકાઉન્ટમાં રૂ.૩૮,૩૨૦ બેલેન્સ હતું. એલસીબી પોલીસે યુવક પાસેથી મોબાઈલ ફોન અને રોકડા રૂ.૯૫૦ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- 'ચ' રોડ પર રજાના દિવસે ટ્રાફિકનું ભારણ થોડુક વધારે જોવા મળે છે. 'ઘ' રોડ પર ડાયવર્ઝન અપાયુ છે તેમાં વધુ ફરવુ પડે છે આ સંજોગોમાં રજાના દિવસે ટ્રાફિક સિગ્નલો ચાલુ રખાય તેવી માંગ ઉઠી છે કારણ કે વાહનચાલકો બેફામ વાહન હંકારતા જણાય છે.
- ગાંધીનગર શહેરમાં નવા સેકટરોમાં પણ રાત્રિના સમયે યુવાનો ઘરની બહાર ફરતા જણાઈ રહ્યા છે તો પોલીસ કડક કાર્યવાહી કરે તેમ આ સેક્ટરોના વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં કલોલ અને છત્રાલ વિસ્તારમાં આવેલ નિર્દિષ્ટ વિસ્તારની કચેરીઓ બંધ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.
- ૨૫મી ઓકટો.થી ગાંધીનગરનુ અક્ષરધામ દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે.
- ગાંધીનગર કોંગ્રેસના ચુનંદા કાર્યકરો કચ્છમાં અબડાસા બેઠકના પ્રચાર કાર્યમાં જોડાશે આજે આ અંગે બેઠક પણ યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લાના પાંચ તાલુકા શાસનાધિકારીઓની આંતરિક બદલીઓ કરાઈ છે.
- બટાકા અને ડુંગળીના ભાવમાં વધારો ઝીંકાતા ગૃહીણીનું બજેટ દિવાળી પહેલાં જ ખોરવાઈ જવા પામ્યુ છે.

## સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ

સમસ્ત બ્રહ્મ સમાજના ખજાનચી નરેન્દ્ર વ્યાસના પુત્રવધુ ચી. ખ્યાતિ સુમિત વ્યાસે સરદાર



પટેલ યુનિવર્સિટીમાં એમએસસી ફોરેન્સિક સાયન્સ ડિગ્રીમાં દ્વિતિય ક્રમે ઉત્તીર્ણ થઈ સમાજનું ગૌરવ વધાર્યું છે.

# સરકારી અનાજ કૌંભાડ મુદ્દે બે શખ્સોને પાસા હેઠળ જેલમાં ધકેલાયા

ગાંધીનગર,તા.૧૮

સરકારી અનાજ બારોબાર ઉંચા ભાવે વેચી મારવાના કૌંભાડમાં બે વ્યકિતઓને પાસા હેઠળ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. એલસીબી-૨ એ લીંબડીયા પાસે આવેલા ગોડાઉનમાંથી દરોડો પાડીને રૂ.૧૦ લાખથી વધુનું અનાજ સહિત રૂ.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કૌંભાડમાં સરકારી ગોડાઉન કેન્દ્રો પર અનાજ પહોંચાડવાનો



કોન્ટ્રાકટ ધરાવતા ત્રણ શખ્સોની સંડોવણી સામે આવતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

એલીસીબી પોલીસને લીંબડીયા ગોડાઉન ખાતે દરોડામાં ઘઉંના ૮૬૯ કટ્ટા, ચોખાના ૧૫૫ કટ્ટા, ચણાની દાળના ૨૩ કટ્ટા, ખાંડના ૫ કટ્ટા અનાજનો જથ્થો પકડાયો હતો. સ્થળ પર હાજર ગોડાઉન ભાડે રાખનાર રાજેશ મનુભાઈ ટાંક (નોબલનગર) તેમજ પીકઅપ ગાડીનો ડ્રાઈવર રાજેન્દ્રભાઈ રામજીભાઈ પરમાર (રહે.પથરામીલની ચાલી અસારવા) પકડાયા હતા.પોલીસે બંને વ્યકિતની આકરી પુછતાછ કરતા અમદાવાદના રાજુ માંગીલાલા તૈલી (મેઘાણીનગર), માંગીલાલ પ્રેમાજી તૈલી (કૃષ્ણનગર)નામ ખુલ્યા હતા. ગુનાની ગંભીરતાને પગલે ત્રણ માસ પહેલા આરોપીઓ સામે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી. પાસાના આરોપીઓ નાસતા ફરતા હતા. ત્યારે એલીસીબી-૨ પોલીસે સેકટર-૧૧ પાસેથી રાજુ માંગીલાલ તૈલીને અને રાજેશ મનુભાઈ ટાંકને પકડી પાડીને અનુક્રમે રાજકોટ અને પોરબંદર મધ્યસ્થ જેલ મોકલી અપાયા છે.




સેકટર-૩-એ ન્યુના સરકારી દવાખાનાની સુવિધાઓ વધારવા અને તેનું રીનોવેશન કરવાની માંગણી વસાહતીઓ કરી રહ્યા છે. આ અંગે સરકારમાં વારંવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ આ પ્રશ્નનું કોઈ નિરાકરણ આવતું નથી.

# બોરીસણા માર્ગ પરથી વરલી-મટકાનો જુગાર રમાડતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ વિસ્તારમાં બોરીસણા ગામ તરફ જવાના માર્ગ પર ગેરેજ નજીક વરલી મટકાનો જુગાર રમાડતા ૪ વ્યકિતઓને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી વરલીનું સાહિત્ય, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.૧૬,૬૪૦ નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.




માહીતી મુજબ ગાંધીનગર એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહ સરદારસિંહને જુગાર અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે બોરીસણા તરફ જતા માર્ગ પર રાજધાની ટેનામેન્ટ નજીક સ્વામી ઓટો ગેરેજ ખાતે રેઈડ કરી હતી. જેમાં કલોલના ચંદ્રકાંત ઉર્ફે ચંદો ચીનુભાઈ શાહ (રહે. સમર્પણ ફ્લેટ સિંદબાદ સામે હાઈ વે રોડ), મયુર દિનેશભાઈ શાહ (રહે. દવેવાસ ગાયનો ટેકરો), વિનોદ સેલ્વારાજ આદીદ્રવિડ તેમજ પ્રિયસ્વામી સેલ્વારાજ આદીદ્રવિડ(બંને બગીચાની ચાલી) ઝડપી પાડ્યા હતા. જેમાં ચંદ્રકાંત ગેરેજ આગળ ખુલ્લી જગ્યામાં ગ્રાહકો પાસેથી વરલીના આંકડા લખી રહ્યો હતો. જયારે પ્રિયસ્વામી ફોનમાં વોટસએપ દ્વારા વરલીનો આંક લખી રહ્યો હતો. મયુર અને વિનોદ આંક લખાવવા માટે આવ્યા હતા. એલસીબી એ આરોપીઓ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડવાના સાધન સાહિત્ય રૂ.૧૧,૬૪૦ રોકડા તેમજ રૂ.૫ હજારનો મોબાઈલ મળી કુલ રૂ.૧૬,૬૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચારેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# 'માનવ શરીર રોગી હોઈ શકે, ગરીબ હોઈ શકે પણ અપવિત્ર કદી નહીં, તે ઈશ્વરનું મંદિર છે!

## ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

"માનવ શરીર અસ્વચ્છ કે રોગી હોઈ શકે છે. તે અનપઢ કે ગરીબ હોઈ શકે છે પરંતુ માનવ ક્યારેય અસ્પૃશ્ય કે અપવિત્ર હોઈ શકે નહીં, કેમ કે માનવ શરીર ઈશ્વરનું મંદિર છે." – આ શબ્દો પાંડુરંગ આઠવલેના છે. ભારતના દાર્શનિક, આધ્યામિક ગુરૂ અને સમાજ સુધારક હતા. તેમને લોકો દાદાજીના હુલામણા નામથી બોલાવતા હતા. મરાઠીમાં તેનો અર્થ 'બડે ભાઈ સાહબ'થાય છે. તેમણે ૧૯૫૪માં સ્વાધ્યાય આંદોલન ચલાવ્યું હતું અને સ્વાધ્યાય પરિવારની સ્થાપના કરી હતી. દાદા ત્રણ ટી—એટલે કે ટિફીન, ટિકીટ અને ટાઈમના ચુસ્ત પાલનકર્તા હતા. ભક્તિ ફેરીમાં તેનો અમલ કરાવ્યો હતો. તેઓ કહેતા હતા કે --- "સંપૂર્ણ સમાજમાં માતૃત્વ વધવું જોઈએ, તેમાં કેટલાક અદ્દભૂત અને લોકોત્તર ગુણો છે તે તમામ સમાજમાં ઉતરશે તો સમાજનું કલ્યાણ થશે." જનેતા અંગે દાદાએ કહ્યું હતું કે --- "મા હંમેશા આશાવાદી હોય છે. આખા સમાજે અને પરિવારે જે છોકરા માટે હાથ ધોઈ નાંખ્યા હશે તો પણ મા ક્યારેય નિરાશ નહીં થાય. મારો દિકરો જરૂર સુધરશે એ શ્રદ્ધાથી મા તેને સુધારતી રહેશે. મા નું આવું આશાવાદીપણું આજના સમાજમાં ખૂબ આવશ્યક છે."

## અમેરિકાના ડોક્ટરે હાડકાંનો એક્સ-રે જોઇ કહ્યું કે આ મનુષ્યએ જીવનમાં ૩૫૦ વર્ષ કામ કર્યું છે

**૧૯મી ઓક્ટોબર એટલે મનુષ્ય ગૌરવ દિન...**

પાંડુરંગ શાસ્ત્રીના જન્મદિનને મનુષ્ય ગૌરવ દિન તરીકે મનાવવામાં આવે છે. તેમણે પારંપરિક શિક્ષણ સાથે સરસ્વતી સંસ્કૃત વિદ્યાલયમાં સંસ્કૃત વ્યાકરણ સાથે ન્યાય, વેદાંત, સાહિત્ય અને અંગ્રેજી સાહિત્યનું અધ્યયન કર્યું હતું. તેમણે રોયલ એશિયાટિક સોસાયટી મુંબઈ દ્વારા માનદ સદસ્યની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પુસ્તકાલયમાં તેમણે ઉપન્યાસ ખંડને છોડીને તમામ વિષયોના પ્રમુખ લેખકોની પ્રસિદ્ધ પુસ્તકોનું વાંચન કર્યું હતું. વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણનું પણ ચિંતન કર્યું હતું. શ્રીમદ્ ભગવદ ગીતા પાઠશાળામાં પાંડુરંગ શાસ્ત્રીએ અખંડ વૈદિક ધર્મ, જીવન જીવવાની રીત, પૂજાની રીત અને પવિત્ર મંચથી વિચારવાની રીત આપી હતી.

**અબાલ-વૃદ્ધ એમ બધાંને એકસૂત્રમાં બાંધ્યા છે...**

પાંડુરંગ શાસ્ત્રી ૧૯મી ઓક્ટોબર ૧૯૨૦માં મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશમાં રોહા નામના ગામડામાં બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા. તેમના પિતા વૈજનાથ અને માતા પાર્વતીના પાંચ સંતાનો પૈકીના તેઓ એક હતા. તેમણે હિન્દુ ધર્મના મહાન ગ્રંથ ગીતાના જ્ઞાનને સરળ શૈલીમાં સમજાવી સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો પુરૂષાર્થ કર્યો હતો. શાત્રીજીની તેમની સરળ શૈલીથી બાળકો, યુવાન, વયસ્કો એમ અબાલ-વૃદ્ધ બધાંને પરિવારમાં એકસૂત્રથી સાંકળી લીધા હતા.

**વિભાજીત સમાજને જોઇને તેઓ દુખી થયાં...**

પાંડુરંગ શાસ્ત્રીના સંસ્કારોનું સિંચન બચપનથી જ થયું હતું. ૧૨ વર્ષની ઉંમરમાં તેમના પિતા વૈજનાથે પાંડુરંગ શાસ્ત્રીના અભ્યાસ માટે રોહામાં એક અલગ કોર્સ બનાવ્યો હતો જે બિલકુલ ભારતના તપોવન જેવો હતો. સરસ્વતી સંસ્કૃત પાઠશાળામાં તેઓ અભ્યાસ કરતા હતા. લોકોનું માનવું હતું કે તપોવન શિક્ષણ પદ્ધતિમાં અંગ્રેજી ભણાવવામાં આવતું નથી પરંતુ વૈજનાથ શાસ્ત્રીએ આ પરંપરાને દૂર કરી પુત્રને અંગ્રેજીનું ઉત્તમ શિક્ષણ પણ આપ્યું હતું. બાળપણથી જ પાંડુરંગે સંસ્કૃત અને બીજા હિન્દુ ગ્રંથોનું શિક્ષણ મેળવ્યું હતું. તેઓ યુવાન થયાં ત્યારે સંપ્રદાયોમાં વિભાજીત સમાજને જોઇને તેઓ દુખી થયા હતા. ૨૨ વર્ષની ઉંમરે વિભાજીત સમાજને એક કરવાનો તેમણે યજ્ઞ શરૂ કર્યો હતો.

**પિતાનો અધુરો યજ્ઞ દાદાએ પૂરો કર્યો છે...**

૧૬ વર્ષોથી સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં જોડાયેલા વૈજનાથના ગળામાં ખરાબી થતાં સ્વાધ્યાયની સંપૂર્ણ જવાબદારી પાંડુરંગને આપી દીધી હતી. ૨૨ વર્ષની વયે પાંડુરંગ શાસ્ત્રીએ ૧૯૪૨માં શ્રીમદ્ ભગવત ગીતા પાઠશાળા જે તેમના પિતાએ ૧૯૨૬માં બનાવી હતી તેમાં પ્રવચન આપવાનું શરૂ કર્યું હતું. ૧૯૫૬માં તેમણે તત્વજ્ઞાન વિદ્યાપીઠ શરૂ કરી હતી જેમાં ભારતીયો જ નહીં વિદેશી ભાષાઓનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું. તેમને સ્વાધ્યાયના કામમાં શરૂઆતમાં ખૂબ મુશ્કેલી થતી હતી, કારણ કે તેમણે ક્યારેય કોઈની પાસેથી રૂપિયા લીધા ન હતા. તેઓ હજારો ગામડાઓમાં જઈને લોકોને જાગૃત બનાવતા હતા. શરૂઆતમાં તેઓ ચાલીને જતા. ધીમે ધીમે તેમણે ભાડાની સાયકલ લીધી અને સફર કરતા હતા.

**જાપાનમાં પૂછાયેલા પ્રશ્નથી વ્યથિત બન્યાં...**

૧૯૫૪માં જાપાનના શીમ્ત્સુમાં બીજા વિશ્વ ધર્મ સંમેલનમાં તેમણે ભાગ લીધો હતો. આ સંમેલનમાં તેમણે વૈદિક જ્ઞાન અને જીવન દર્શનના મહત્વ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. દાદાજીને એક

## ગ્રામ્ય સમાજમાં ક્રાન્તિ લાવનારા અને સરળ ગીતા જ્ઞાન આપનારા દાદાની આજે જન્મજયંતિ








પ્રશ્ન પૂછવામાં આવ્યો કે --- શું તમારા દેશમાં કોઈ સંપ્રદાય એવો છે જે આવા આદર્શો અને જીવન દર્શનને વ્યવહારમાં અપનાવતો હોય... ત્યારે આ પ્રશ્નથી દાદા વ્યથિત બન્યાં હતા. સંમેલનમાંથી તેઓ પરત તો ફર્યા પરંતુ ભારત આવીને વર્તમાન અને પ્રાસંગિક સ્થિતિ પર વિચાર કરીને તેનો અમલ કરવાનો તેમણે પ્રારંભ કર્યો હતો.

**તેમણે ભારત અને પશ્ચિમી જ્ઞાનની સમજ આપી...**

૧૯૫૬માં પાંડુરંગ શાસ્ત્રીએ એક વિદ્યાલયની સ્થાપના કરી અને તેને તત્વજ્ઞાન વિદ્યાપીઠ નામ આપ્યું હતું. આ વિદ્યાલયમાં તેમણે ભારતના આદિકાલીન જ્ઞાન તેમજ પશ્ચિમના જ્ઞાનની સમજ સાથે બન્નેના સમન્વયનો પણ ખ્યાલ આપ્યો હતો. તેઓ સતત યાત્રા કરતા હતા અને અનેક લોકો સાથે જનસંપર્ક કરતા હતા. તેમણે તબીબો, ઈજનેરો, વકીલો અને ઉદ્યોગપતિઓ સાથે વાત કરીને તેમને સ્વાધ્યાયના માધ્યમથી આત્મ ચેતના જગાવવાનો સંદેશ આપ્યો હતો. સમાજમાં એક આદર્શ સ્થાપવાનો તેમનો આ પ્રયાસ હતો, જેમાં પોતાના વ્યસ્ત જીવનમાં વ્યક્તિ સમય કાઢીને ઈશ્વરનું ધ્યાન કરે અને ભક્તિભાવ અપનાવે.

## જાપાનમાં પૂછાયું કે ભારતમાં કોઇ સંપ્રદાય એવો છે કે જે આ આદર્શો અપનાવે છે? દાદા મૌન

**અનુયાયીઓએ વેરાન પ્રદેશને હરિયાળા બનાવ્યાં...**

દાદાના પ્રભાવથી તેમના અનુયાયીઓની સંખ્યા વધતી ગઈ હતી. તેમણે લોકોને સમજાવ્યું કે સ્વાધ્યાય માર્ગમાં કોઈ ધર્મ, જાતિ, સ્ત્રી-પુરૂષ જેવો ભેદભાવ નથી. ૧૯૬૪માં પોપ પોલ ચોથા જ્યારે ભારત આવ્યા ત્યારે તેમણે અને દાદાએ જીવન દર્શન અંગેની ચર્ચા કરી હતી. સ્વાધ્યાયના પ્રભાવમાં લોકોએ દારૂ પીવાનો છોડ્યો. જુગાર રમવો બંધ કર્યો. ઘર પરિવારમાં મહિલાઓ સામેની હિંસામાં ઘટાડો થયો હતો. નાના-મોટા અપરાધ ઓછાં થયાં. લોકોમાં આત્મશુદ્ધિની લહેર વ્યાપી ગઈ હતી. અનેક માછીમારો સંસ્કૃતના શ્લોક ગાતા ગાતા દરિયો ખેડતા હતા. તેઓ જેટલી માછલી પકડતા તેમાંથી ગરીબો માટેનો ભાગ કાઢી લેતાં હતા. બહું મોટી સામાજીક ક્રાન્તિ તેમણે શરૂ કરી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં મોટાપાયે વૃક્ષારોપણ થયું હતું. દાદાએ વૃક્ષારોપણને વૃક્ષ મંદિરનું રૂપક આપ્યું હતું. દાદાના અનુયાયીઓએ અનેક વેરાન પ્રદેશને હરિયાળા બનાવ્યાં છે.

**ભક્તિફેરીથી તેમણે યુવાનોમાં ચેતના જગાવી...**

દાદાના સ્વાધ્યાય વ્યવહારથી ગામોની સંસ્કૃતિ બદલવા લાગી હતી. ગામોમાં સફાઈની ચેતના આવી હતી. બાળકો ખૂશ થઈને સ્કૂલે જવા લાગ્યા હતા. ગામોમાં વ્યાપેલી અસ્પૃશ્યતાની ભાવના ખતમ થવા લાગી હતી. શાત્રીજીએ ગામેગામ ફરીને સંદેશ આપ્યો કે --- તેમની સ્વાધ્યાય પ્રવૃત્તિને રાજનીતિ સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે ત્યાં સુધી કહ્યું કે સ્વાધ્યાય પ્રવૃત્તિ એ દુનિયાની મુશ્કેલી ઉકેલવાની ચાવી નથી, તે તો પ્રેમ, પરસ્પર મદદ, શાંતિ, નિસ્વાર્થ ભાવનાની સંસ્કૃતિ છે. ગીતાનું જ્ઞાન ઘર ઘર સુધી પહોંચાડવાનું શ્રેય પાંડુરંગ દાદાને જાય છે. તેમણે શરૂ કરેલી ભક્તિ ફેરીની મહત્વની ભૂમિકાએ લોકોમાં ભક્તિનો સંચાર કર્યો હતો. યુવાનો શેરી નાટકો દ્વારા સમાજને ઉપયોગી સંદેશ પહોંચાડી રહ્યાં છે. દાદાએ ૨૫મી માર્ચ ૧૯૫૮માં ભક્તિ ફેરીનો પ્રારંભ કર્યો હતો. તેમણે ૧૯ યુવાનોના કપાળે તિલક કરીને આશીર્વાદ આપ્યાં હતા. પાંડુરંગના તિકાલ સંધ્યાના પ્રયોગો મશહૂર છે. સવારે, બપોરે અને રાત્રે પ્રાર્થના કરવામાં આવે છે. તેમના અન્ય પ્રયોગોમાં બાળ સંસ્કાર કેન્દ્ર, યુવા કેન્દ્ર, યુવતી કેન્દ્ર, સ્વાધ્યાય કેન્દ્ર, વૃક્ષ મંદિર, યોગેશ્વર કૃષિ, મત્સગંધા, હિરા મંદિર, પતંજલિ ચિકિત્સાલય ઉપરાંત શ્રીદર્શનમ, અમૃતાલયમ, ગૌરસ, યંત્ર મંદિર અને સાયં પ્રાર્થનાનો સમાવેશ થાય છે. પાંડુરંગ આઠવલે એ ૨૫મી ઓક્ટોબર ૨૦૦૩ના રોજ મુંબઈમાં આખરી શ્વાસ લીધા હતા. તેમના દત્તક પુત્રી જયશ્રી દીદીએ સ્વાધ્યાય પરિવારનો કાર્યભાર સંભાળ્યો હતો.

**અનેક એવોર્ડથી દાદા સન્માનિત થયેલા છે...**

દાદાજી સ્વાધ્યાય પરિવારમાં માત્ર પ્રવચન કરતા ન હતા. તેઓ જરૂર પડ્યે કામમાં જોડાઈ જતા હતા. એક વાર તેઓ બિમાર પડ્યા હતા અને હોસ્પિટલમાં હતા ત્યાર તેમના હાડકાંનો એક્સરે કાઢીને અમેરિકા મોકલવામાં આવ્યો ત્યારે ડોક્ટરો દંગ રહી ગયા હતા અને કહ્યું કે – રિપોર્ટ અનુસાર આ હાડકાં ૩૦૦ થી ૩૫૦ વર્ષ સુધી કામ કરતાં મનુષ્યના હોવા જોઈએ. કહેવાય છે કે સ્વાધ્યાય પરિવારની શરૂઆત મહારાષ્ટ્રમાંથી થઈ હતી પરંતુ આજે ભારતમાં તેના ૫૦ હજાર કરતાં વધુ કેન્દ્રો અને ૧૨૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. ભારતમાં જ નહીં, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, યૂરોપ, કેરેબિયન અને આફ્રિકા જેવા દેશોમાં પણ સ્વાધ્યાય થાય છે. સ્વાધ્યાય આંદોલન શ્રીમદ્ ભાગવત ગીતા પર આધારિત આત્મજ્ઞાનનું આંદોલન છે જે ભારતના એક લાખ જેટલા ગામડાઓમાં ફેલાયેલું છે. દાદાજી ગીતા તેમજ ઉપનિષદો પર તેમના પ્રવચન માટે પ્રસિદ્ધ હતા. દાદાને ૧૯૮૮માં મહાત્મા ગાંધી પુરસ્કાર મળ્યો હતો. તેમને ૧૯૯૭માં ધર્મના ક્ષેત્રમાં ઉન્નતિ માટે ટેમ્પલ્ટન્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૯૯માં તેમને સામુદાયિક નેતૃત્વ માટે મેગ્સેસે પુરસ્કારથી પણ સન્માનવામાં આવ્યા હતા. આ વર્ષે જ ભારત સરકારે તેમને પદ્મવિભૂષણથી નવાજ્યા હતા.